# ભગવાન નિત્યાનંદનાં દર્શન અને તેમનું પ્રજ્ઞાન

૧. “જ્યારે લોકો બાબા મુક્તાનંદ પાસે આવીને કહેતાં, ‘મને ઘણી બધી તકલીફ છે,’ ત્યારે બાબાજી હંમેશાં કહેતા, ‘ભગવાન નિત્યાનંદને પ્રાર્થના કરો. તેઓ તેને હરી લેશે.’ આજે પણ આ વાત સાચી છે. તેમની અંદર એ બધાનો સમાવેશ છે જે દરેક વ્યક્તિને જોઈએ છે—પરમ સત્ય. તેઓ પૂર્ણરૂપે અચળ છે. અને આ મહાન ગુરુઓનું લક્ષણ છે.’ ”

~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

૨. “ભગવાન નિત્યાનંદ કહેતા હતા, ‘આ બ્રહ્માંડ અનંત છે અને એ તમારો પોતાનો આત્મા છે. જગતને અંતર આત્માના રૂપે જુઓ. જગત તમારાથી ભિન્ન નથી અને તમે જગતથી ભિન્ન નથી. તમારો પોતાનો રામ તમારી જ અંદર નિવાસ કરે છે.’ ”

~ સ્વામી મુક્તાનંદ

૩. “બહારની દરેક વસ્તુ અંતરમાં સૂક્ષ્મરૂપે પૂર્ણપણે વિદ્યમાન છે. ‘તારી અંદર ખોજ’ એમ કહીને ગુરુદેવ ભક્તોને પોતાના જ અંતર સામ્રાજ્યની ખોજ માટે પ્રેરિત કરતા હતા. અને તેઓ સ્વયં પણ હંમેશાં અંતરમાં લીન રહેતા હતા.”

~ સ્વામી મુક્તાનંદ

૪. “જે કંઈ છે તે નિત્યાનંદ છે, બીજું કંઈ જ નહીં કેવળ નિત્યાનંદ. તેઓ જ બ્રહ્માનંદ, તેઓ જ આત્માનંદ, તેઓ જ મુક્તિનો આનંદ અને તેઓ જ પ્રેમાનંદ પણ છે. જે કંઈ છે તે પ્રેમ જ છે, બીજું કંઈ નહીં કેવળ પ્રેમ.”

~ સ્વામી મુક્તાનંદ

૫. “જ્યારે બાબાજી ગુરુ વિશે વાત કરતા, તો તેઓ હંમેશાં કહેતા, ‘ગુરુ એ છે જે તમારી અજ્ઞાનતાને હરી લે છે, જે અંધકારનો નાશ કરીને તમારી અંદર પ્રકાશને પ્રગટ કરે છે.’ ”

~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

૬. “એવા સર્વાત્મા, ‘તત્ત્વમસિ’ પદનું લક્ષ્ય, મુક્તાનંદના હૃદયવિલાસી, ગણેશપુરી નિવાસી શ્રીનિત્યાનંદ સિદ્ધવિદ્યાર્થીઓને પરમાનંદ-અમૃતવર્ષાથી પ્લાવિત કરીને ચિરશાંતિ અને નિત્યતૃપ્તિ પ્રદાન કરે.”

~ સ્વામી મુક્તાનંદ

૭. “જ્યારે તમે ભગવાન નિત્યાનંદના મુખમંડલનાં દર્શન કરો છો, તો તમે તમારી સાથે પ્રકાશ લઈ જાઓ છો. પછી બાબા મુક્તાનંદના શક્તિપૂરિત સંદેશને જીવવું સંભવ છે : ‘પરસ્પર દેવો ભવ.’ તમે એ જાણી શકો છો કે દરેકમાં ભગવાનનો નિવાસ છે, ભગવાન દરેકના મિત્ર છે, ભગવાન બધાંનાં છે.”

~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

૮. “મંદ સ્મિત—મૃદુલ સ્મિત, કોમળ સ્મિત, સૌમ્ય સ્મિત, સ્નેહલ સ્મિત, કલ્યાણકારી સ્મિત. બાબા મુક્તાનંદ તેમના ગુરુ, ભગવાન નિત્યાનંદના સ્મિતનું ખૂબ જ સુંદર વર્ણન કરે છે : ‘પરમ આનંદમાં લીન, તેમનું મુખ હંમેશાં તેજોમય, મધુર અને કરુણામય સ્મિતથી પ્રકાશિત રહેતું. સમય-સમય પર, તેઓ હસતા અને તેમનું એ હાસ્ય મારી સ્મૃતિમાં હજી પણ પ્રતિધ્વનિત થાય છે. હસવું તેમને પ્રિય હતું. તેમની આ જ હાસ્યપ્રિયતાને કારણે લોકો તેમને ‘નિત્યાનંદ’ નામથી સંબોધિત કરવાં લાગ્યાં, ‘તેઓ જે સતત આનંદમાં રહે છે.’ ”

~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

૯. “મારા ગુરુદેવ કહેતા હતા, ‘ભગવાન એક છે અને તેઓ પ્રેમસ્વરૂપ છે.’ ”

~ સ્વામી મુક્તાનંદ

૧૦. “હું મારા ગુરુ, ભગવાન નિત્યાનંદનું પૂજન કરું છું કારણકે તેમની કૃપાથી જ હું જાણી શક્યો કે હું કોણ છું, તેમની જ કૃપાથી મારી આધ્યાત્મિક યાત્રા પૂર્ણ થઈ, તેમની જ કૃપાથી હું ભિખારીમાંથી રાજા બની ગયો.... તેઓ મારા શ્વાસરૂપ પ્રાણ છે, તેઓ મારું જીવન છે, તેઓ જ મારું અંતરતમ સત્ય છે.”

~ સ્વામી મુક્તાનંદ

૧૧. “પોતાના ગુરુ વિશે વાત કરતા, બાબાજીએ કહ્યું : ‘તેમના પ્રકાશ દ્વારા સંસાર પ્રગટ થાય છે. તેમના વિના તે અદૃશ્ય રહે છે. સમગ્ર બ્રહ્માંડ તેમના જ આત્માનું તેજ છે. તેઓ બધાંનાં છે. તેઓ બધાંનો આત્મા છે. તેમની કૃપા વિના કોઈપણ સાચી શાંતિ પ્રાપ્ત નથી કરી શકતું.’ ”

~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

૧૨. “ભગવાન નિત્યાનંદ એક પૂર્ણ યોગેશ્વર હતા. સંપૂર્ણ વિશ્વ તેમનાથી ભિન્ન નથી, એ જ્ઞાન હોવાથી તેઓ સતત નિજાનંદમાં મસ્ત રહેતા હતા. તેઓ આત્માની અદ્વૈત સ્થિતિમાં લીન રહેતા. દરેક સમયે અને દરેક પરિસ્થિતિમાં તેઓ પરમાનંદની સ્થિતિમાં રહેતા. તેઓ સંપૂર્ણ વિશ્વબ્રહ્માંડને સતત તેમના પોતાના જ આનંદમય વિસ્તાર રૂપે જોતા.”

~ સ્વામી મુક્તાનંદ

૧૩. “મારા ગુરુદેવ પરમાનંદમાં લીન મહાપુરુષ હતા. તેઓ જન્મસિદ્ધ હતા. સાધારણ દેખાતા હોવા છતાં તેઓ સર્વજ્ઞ હતા. તેઓ હંમેશાં અમનસ્કભાવમાં રહેતા હતા. તેઓ બહુ થોડું બોલતા અને સતત નિજાનંદમાં મસ્ત રહેતા હતા. તેઓ જે પણ બોલતા, તે જ પરમ સત્ય હતું.”

~ સ્વામી મુક્તાનંદ

૧૪. “તમે જે સુખ ઇચ્છો છો, તે બધું તમારી અંદર છે. ત્યાં તે પૂર્ણરૂપમાં છે, પૂર્ણ પ્રગટ છે.”

~ ભગવાન નિત્યાનંદ

૧૫. “ ‘ૐ નમઃ શિવાય’ આદિ ભગવાનનું, આદિ ગુરુનું નામ છે જેમનામાંથી બીજા બધા અસંખ્ય ગુરુઓ અવતરિત થયા છે. ‘ૐ નમઃ શિવાય’ એ મંત્ર છે જેણે અસંખ્ય સિદ્ધોને, અસંખ્ય ગુરુઓને મોક્ષ પ્રદાન કર્યો છે અને તે શક્તિથી અનુપ્રાણિત છે.”

~ ભગવાન નિત્યાનંદ

૧૬. “દર્શનાર્થીઓને તેઓ કહેતા હતા, ‘બધાંમાં હું છું.’ એકવાર એક ફોટોગ્રાફરે ગુરુદેવ પાસે તેમનો ફોટો પાડવાની આજ્ઞા માંગી. તેમણે કહ્યું, ‘તું વિશ્વનો ફોટો પાડ. શું એવી કોઈ જગ્યા છે જ્યાં હું નથી? બધાંમાં મારી ઝલક છે.’ ”

~ સ્વામી મુક્તાનંદ

૧૭. “તમારા અંતરમાં ઊંડા જાઓ અને ધ્યાન કરો; તમે સુખી થઈ જશો.”

~ ભગવાન નિત્યાનંદ

૧૮. “ભગવાન નિત્યાનંદ કહેતા હતા, ‘અરે જીવાત્મા, તારે એ અંતર સૌંદર્ય જોવું જોઈએ. એ કેટલું મધુર, કેટલું મોહક અને કેટલું આનંદમય છે! એ અંતર સમુદ્રનું એક બિંદુ પણ તને બહાર નહીં મળે. તેથી, અંતર્મુખ થા. ધ્યાન કર, ધ્યાન કર, ધ્યાન કર!’ આ તેમનો સંદેશ હતો.”

~ સ્વામી મુક્તાનંદ

૧૯. “પોતાના ઉત્કૃષ્ટ ગ્રંથ *Secret of the Siddhas (સિક્રેટ ઑફ ધ સિદ્ધઝ)* માં બાબા મુક્તાનંદ તેમના શ્રીગુરુની એકાત્મ અવસ્થાનું વર્ણન કરે છે :

‘હે નિત્યાનંદ, તમે નિત્ય આનંદમાં નિમગ્ન રહેતા. તમારું નામ જ આનંદ હતું. જ્યારે તમે હસતા, ત્યારે આનંદ અને મસ્તી તમારા રોમ-રોમમાંથી એવી રીતે ફૂટી નીકળતી જાણે કે તમારો આનંદ અચાનક જ અત્યંત વેગથી તમારી ત્વચામાંથી વહી રહ્યો હોય.’ ”

~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

૨૦. “શ્રીગુરુદેવને બાળકો પ્રત્યે અત્યંત પ્રેમ હતો. તેઓ કહેતા કે બાળકોમાં રાગદ્વેષ ઘણા ઓછા હોય છે અને તેઓ ભગવાનના પ્રતીક છે. એટલા માટે બાળકોને અનેક પ્રકારની મીઠાઈઓ, બિસ્કિટ, કપડાં તથા અન્ય ભેટ આપવામાં ગુરુદેવને સદૈવ આનંદ આવતો. સામાન્ય રીતે અડોશપડોશનાં બાળકો તેમની પાસે જ રહેતાં હતાં અને કૈલાસ નિવાસ આખો દિવસ બાળકોના રમવાના અવાજથી ગુંજતું રહેતું. ગુરુદેવ બાળકો માટે અનેક પ્રકારનાં રમકડાં રાખતા હતા.”

~ સ્વામી મુક્તાનંદ

૨૧. “શ્રીગુરુદેવનાં દર્શન માટે હજારો લોકો આવતાં અને તેઓ જે ભેટ લાવતાં તે ગુરુદેવ પ્રત્યે તેમની ભક્તિ અને ભાવનાને વ્યક્ત કરતી હતી. શાસ્ત્રો પ્રમાણે ચાર પ્રકારની વ્યક્તિઓ પાસે ક્યારેય ખાલી હાથ ન જવું જોઈએ : ભગવાન, ગુરુજન, રાજા અને બાળક.”

~ સ્વામી મુક્તાનંદ

૨૨. “શ્રીગુરુદેવ શક્તિપાત દ્વારા શિષ્યની કુંડલિની શક્તિને જાગ્રત કરી દેતા હતા. આ કુંડલિની શક્તિ બ્રહ્માંડીય ચિતિશક્તિ જ છે. તે વિશ્વના રૂપમાં દેખાતી દિવ્ય ચિતિનું જ બીજું નામ છે.”

~ સ્વામી મુક્તાનંદ

૨૩. “ભગવાન નિત્યાનંદ એક વિલક્ષણ મહાપુરુષ હતા. તેમનો યશ ગાવામાં, તેમનું સ્મરણ કરવામાં ભાવિકજનોને શક્તિપાત થઈ જતો. અત્યારે પણ તેમની સમાધિથી, તેમના ફોટાથી શક્તિ પ્રાપ્ત થઈ જાય છે. તત્ત્વતઃ તેઓ આ જગતમાં અંદરબહાર પૂર્ણ વ્યાપક છે કારણકે આવા મહાપુરુષ સર્વાત્મામાં લીન હોય છે, તેઓ સર્વવ્યાપી હોય છે.”

~ સ્વામી મુક્તાનંદ

૨૪. “ભગવાન નિત્યાનંદની મૂર્તિ એટલી સજીવ અને જાગ્રત છે કે દરેક ભક્તને એવું લાગશે કે તે સાચે જ ભગવાન નિત્યાનંદના શક્તિપૂર્ણ સાન્નિધ્યમાં બેઠો છે.”

~ સ્વામી મુક્તાનંદ

૨૫. “ધ્યાન કરવાની સરળ રીત બધાં માટે ઉપલબ્ધ છે. હું ભગવાન નિત્યાનંદની મૂર્તિ તરફ ઇશારો કરીને કહી શકું છું, ‘મંદિરમાં બિરાજમાન બડે બાબા પર ધ્યાન કરો. તમારા ચિત્તને તેમના સ્વરૂપ પર સ્થિર કરો. તમારું હૃદય તેમને સમર્પિત કરી દો.’ ”

~ સ્વામી મુક્તાનંદ

૨૬. “જો તમે ખૂબ જ ભક્તિભાવથી આ પ્રતિમાનાં દર્શન કરશો, જો તમે તેના રહસ્યના હાર્દમાં ડૂબી જશો અને તેમની આંખોમાં ચમકતાં પ્રેમ પ્રત્યે, તેના સ્વરૂપને તેજ પ્રદાન કરનારા પ્રકાશ પ્રત્યે અને તેને ચેતન બનાવનારા પ્રકાશ પ્રત્યે સંવેદનશીલ રહેશો તો તમને વાસ્તવમાં ભગવાન નિત્યાનંદના સંપૂર્ણ વૈભવનાં દર્શન થશે.”

~ સ્વામી મુક્તાનંદ

૨૭. “મારા સદ્‌ગુરુ, જેઓ પરમાનંદમય છે, જેમનો શક્તિપાતરૂપી કૃપાપ્રસાદ, સમાધિ એટલે કે શૂન્યાતીત ચિદાનંદની અનુભૂતિ કરાવે છે, એવા પરમ કરુણામય સદ્‌ગુરુનો હું સદા-સદાને માટે ઋણી છું.”

~ સ્વામી મુક્તાનંદ

૨૮. “દર્શન એક ઘણી રહસ્યમય પ્રક્રિયા છે. તે માત્ર સ્થૂળ આંખોથી જોવાનું નથી. તે વાસ્તવમાં ‘જોવાનું’ બની જવાનું છે જે અંતરમાં ઘટિત થાય છે. આ જ કારણે ભારતના સંતોએ દર્શનનો મહિમા ગાયો છે. ભગવાન નિત્યાનંદને નમન!”

~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

૨૯. “શ્રી ભગવાન નિત્યાનંદ તેમની કૃપામાત્રથી ભક્તોને જ્ઞાનદૃષ્ટિ કરાવી દેતા અને પ્રપંચમાં જ બ્રહ્મ બતાવતા હતા. નરનારીઓને ‘પરસ્પર દેવો ભવ’નો મંત્ર શીખવતા હતા.”

~ સ્વામી મુક્તાનંદ

૩૦. “તમારા મનને સ્થિર કરવા માટે ઋષિમુનિઓએ જે એક અભ્યાસનું સમર્થન કર્યું છે તે છે, તમારા ધ્યાનને એક એવા મહાન આત્મા પર કેન્દ્રિત કરવું જે રાગ અને દ્વેષથી ઉપર ઊઠી ચૂક્યા છે. એટલા માટે જ્યારે તમે ભગવાન નિત્યાનંદના મુખમંડલ પર ધ્યાન કરો છો, તો તમને તરત જ લાગે છે કે તમે અંદરની તરફ ખેંચાઈ રહ્યાં છો; તમે આત્માની અનુભૂતિ કરો છો.”

~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

© ૨૦૧૮ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.